# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/ક્વા-૧/૨૦૧૯-૨૦/૪૫૪૫** **તા.૦૫–૦૭–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૨/ક્વા-૧/૨૦૧૯-૨૦

અરજદાર: **દામોદરભાઈ જસાભાઈ જોશી** ગામ: **અમરાપુર**
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે દૃષ્યંત ડી. જોશી હાજર રહેલ છે. .**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **જુનાગઢ ગ્રામ્ય-૨**
રજૂઆત કરનાર: પી. પી. વોરા કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી – **જુનાગઢ ગ્રામ્ય-૨**

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૮-૦૬-૨૦૧૯ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૮-૦૬-૨૦૧૯ (શુક્રવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર દામોદરભાઈ જસાભાઈ જોશી, ગામ:અમરાપુર તેઓની અરજી ના નોંધણી નંબર :૪૨/ક્વા–૧/૨૦૧૯–૨૦ મા_જણાવે છે કે, તેઓ ગ્રાહક નં. –૮૦૩૩૬/૦૦૦૫૨/૯ થી ઘરવપરાશ વીજજોડાણ પેટે બાકી લેણી રકમ જે કોર્ટ માં સમાધાન થયા મુજબ – તા.૩૦–૦૫–૦૫ ના રોજ રસીદ નંબર: ૦૭૬૪૨૭ થી રૂ.૪,૭૫૫/– ભરપાઈ કરેલ હતી, જેથી કોઈ બાકી લેણી રકમ ન હોય – નવુ મંજુર કરાયેલ ખેતીવાડી વીજજોડાણ આપવાની કાર્યવાહી સત્વરે કરવા– અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી દામોદરભાઇ જસાભાઇ જોષી,મૂ.:- અમરાપૂર,તા:-મેંદરડા ની તા:-૦૪-૦૬-૨૦૧૯ ની નવા ખેતીવાડી કનેકશન બાબતની રજૂઆત સંદર્ભની તમામ વિગત નીચે મૂજબ છે.

૩.૧ અરજદાર ના ખેતીવાડીના પીડીસી કનેકશન નંઃ-૮૦૩૩૬-૦૦૦૫૨-૯ (શ્રી દામજીભાઇ જસાભાઇ,મૂંઃ-અમરાપૂર) કે જે તાઃ-૧૦-૦૪-૨૦૦૧ ના રોજ વીજ બિલો ભરપાઇ ના કરવાના કારણે કાયમી ધોરણે રદ થયેલ હતૂ ત્યારબાદ તાઃ-૦૮-૦૭-૨૦૦૩ ના રોજ સદર કનેકશન અંતર્ગત લેણાની વસૂલાત માટે કંપની તરફથી મૂદત બહારનૂ લેણૂ રૂાઃ-૪૭૫૪.૩૦ બાકી રાખીને સમયમર્યાદામા જે રકમ હતી તે એટલે કે રૂાઃ-૫૦૩૦.૪૯ વસૂલવા માટે રે.દિ.મૂંઃ-૩૮૨/૨૦૦૩ દાખલ કરવામા આવેલ હતો.

૩.૨ ત્યારબાદ ગ્રાહકશ્રી દવારા સમાધાન યોજના ૨૦૦૫ અંતર્ગત જે મૂદત બહારનૂ લેણૂ રૂાઃ-૪૭૫૪.૩૦ બાકી હતૂ તે રશીદ નં.ઃ-૭૬૪૨૭ તાઃ૩૦-૦૫-૨૦૦૫ અંતર્ગત ભરપાઇ કરવામા આવેલ. સમાધાન યોજના ૨૦૦૫ ના પરીપત્ર ના મૂદા નંઃ-(૭) અનૂસાર કોર્ટ સમક્ષના વિવાદી બાકી લેણાને સદર યોજના લાગૂ પડતી ના હોય, રે.દિ.મૂંઃ-૩૮૨/૨૦૦૩ અંતર્ગત સદર કનેકશનની કોર્ટ સમક્ષના વિવાદી બાકી રકમ એટલે કે રૂાઃ-૫૦૩૦.૪૯ તે સમયે સમાધાન યોજના ૨૦૦૫ અંતર્ગત વસૂલવામા આવેલ નહી.

3.3 ત્યારબાદ રે.દિ.મૂંઃ-૩૮૨/૨૦૦૩ નૂ જજમેન્ટ તાઃ-૩૦-૦૯-૨૦૦૬ ના રોજ આવેલ અને તે મૂજબ રે.દરખાસ્ત નંઃ-૪૫/૦૭ કરવામા આવેલ જે હાલ નામદાર કોર્ટમા પેન્ડીગ છે. અને તે મૂજબ ગ્રાહકશ્રી એ નીચે મૂજબ રકમ ભરપાઇ કરવાની થાય છે.

દાવાની મંજૂર થયેલ રકમઃ--રૂાઃ-૨૯૬૭.૮૮

જજમેન્ટ મૂજબ દાવા દાખલ તારીખ ૦૮-૦૭-૨૦૦૩ થી તાઃ-૧૭-૦૬-૨૦૧૯, ૧૫ વર્ષ ૧૧ માસ=૧૯૧ માસ નૂ

| | |
|---|---|
| વાર્ષિક ૯ % લેખે વ્યાજઃ-- | રૂાઃ-૪૨૫૧.૪૯ |
| દાવા ખર્ચઃ- | રૂાઃ-૧૧૦૨.૫૦, |
| બજવણી ખર્ચ ઃ- | રૂાઃ-૦૨૧૮.૭૫ |
| (કંપનીના એડવોકેટનૂ બિલ)ઃ- | રૂાઃ-૧૦૦૩.૦૦ |

===============

આમ, તાઃ-૧૭-૦૬-૨૦૧૯ સૂધીની કૂલ ભરવા પાત્ર રકમ રૂાઃ-૯૫૪૩.૬૨, સદર રકમ એટલે કે કંપનીનૂ લેણૂ ભરપાઇ ના થાય ત્યા સૂધી સદર ગ્રાહકશ્રી ના નામે મંજૂર થયેલ નવૂ ખેતીવાડી કનેકશન મંજૂર કરી શકાય નહી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ઉપરોકત મુદદા નં. ૨.૦ મુજબ ની વિગતે – લેણી રકમ ની વસુલાત અન્વયે સામેવાળા દ્રારા – મુદદા નં.૩.૩ મુજબ ની વિગતે – નામદાર કોર્ટ માં હાલ પેન્ડીગ છે. જેથી, નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નંઃ ૦૨/૨૦૧૧ નાં મુદા નંઃ ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – એટલેકે ફરીયાદી અને પરવાનેદાર ને વચ્ચેની બાબતને લગતી કાર્યવાહી કોઈપણ કોર્ટ માં પડતર રહેલા કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ સતા ક્ષેત્ર બહાર હોય, આ બાબતે – અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે.

૪.૨ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |